# ૨. સૂત્રપ્રાભૃત

આ પ્રાભૃતમાં જિનસૂત્રાનુસાર વર્તન જીવને હિતરૂપ છે અને જિનસૂત્રવિરુદ્ધ વર્તન અહિતરૂપ છે—એમ સંક્ષેપમાં વર્ણવ્યું છે, તથા જિનસૂત્રકથિત મુનિલિંગાદિ ત્રણ લિંગોનું સંક્ષિપ્ત નિરૂપણ છે.

અર્હંતભાષિત-અર્થમય, ગણધરસુવિરચિત સૂત્ર છે;
[1]સૂત્રાર્થના [2]શોધન વડે સાધે શ્રમણ પરમાર્થને. ૧.

સૂત્રે [3]સુદર્શિત જેહ, તે [4]સૂરિગણપરંપર માર્ગથી
જાણી [5]દ્વિધા, શિવપંથ વર્તે જીવ જે તે ભવ્ય છે. ૨.

[6]સૂત્રજ્ઞ જીવ કરે વિનષ્ટ ભવો તણા ઉત્પાદને;
ખોવાય સોય [7]અસૂત્ર, સોય સસૂત્ર નહિ ખોવાય છે; ૩.

આત્માય તેમ [8]સસૂત્ર નહિ ખોવાય, હો ભવમાં ભલે;
[9]અદૃષ્ટ પણ તે સ્વાનુભવપ્રત્યક્ષથી ભવને હણે. ૪.

જિનસૂત્રમાં ભાખેલ જીવ-અજીવ આદિ પદાર્થને
હેયત્વ-અણહેયત્વ સહ જાણે, સુદૃષ્ટિ તેહ છે. ૫.

---

૧. સૂત્રાર્થ = સૂત્રોના અર્થ.
૨. શોધન = શોધવું–ખોજવું તે.
૩. સુદર્શિત = સારી રીતે દર્શાવવામાં–કહેવામાં આવેલું.
૪. સૂરિગણપરંપર માર્ગ = આચાર્યોની પરંપરામય માર્ગ.
૫. દ્વિધા = (શબ્દથી અને અર્થથી—એમ) બે પ્રકારે.
૬. સૂત્રજ્ઞ = શાસ્ત્રનો જાણનાર.
૭. અસૂત્ર = દોરા વિનાની.
૮. સસૂત્ર = શાસ્ત્રનો જાણનાર.
૯. અદૃષ્ટ પણ = દેખાતો નહિ હોવા છતાં (અર્થાત્ ઇન્દ્રિયોથી નહિ જણાતો હોવા છતાં).

જિન-ઉક્ત છે જે સૂત્ર તે વ્યવહાર ને પરમાર્થ છે;
તે જાણી યોગી સૌખ્યને પામે, [1]દહે મળપુંજને. ૬.

[2]સૂત્રાર્થપદથી ભ્રષ્ટ છે તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે;
[3]કરપાત્રભોજન રમતમાંય ન યોગ્ય હોય [4]સચેલને. ૭.

[5]હરિતુલ્ય હો પણ સ્વર્ગ પામે, કોટિ કોટિ ભવે ભમે,
પણ સિદ્ધિ નવ પામે, રહે સંસારસ્થિત—આગમ કહે. ૮.

સ્વચ્છંદ વર્તે તેહ પામે પાપને મિથ્યાત્વને,
ગુરુભારધર, ઉત્કૃષ્ટ સિંહચરિત્ર, બહુતપકર ભલે. ૯.

[6]નિશ્ચેલ-કરપાત્રત્વ પરમજિનેન્દ્રથી ઉપદિષ્ટ છે;
તે એક મુક્તિમાર્ગ છે ને શેષ સર્વ અમાર્ગ છે. ૧૦.

જે જીવ સંયમયુક્ત ને આરંભપરિગ્રહવિરત છે,
તે દેવ-દાનવ-માનવોના લોકત્રયમાં વંદ્ય છે. ૧૧.

બાવીશ પરિષહને સહે છે, [7]શક્તિશતસંયુક્ત જે,
તે કર્મક્ષય ને નિર્જરામાં નિપુણ મુનિઓ વંદ્ય છે. ૧૨.

[8]અવશેષ લિંગી જેહ સમ્યક્ જ્ઞાન-દર્શનયુક્ત છે
ને વસ્ત્ર ધારે જેહ, તે છે યોગ્ય ઈચ્છાકારને. ૧૩.

---

૧. દહે = બાળે.
૨. સૂત્રાર્થપદ = સૂત્રોનાં અર્થો અને પદો.
૩. કરપાત્રભોજન = હાથરૂપી પાત્રમાં ભોજન કરવું તે.
૪. સચેલ = વસ્ત્રસહિત.
૫. હરિ = નારાયણ.
૬. નિશ્ચેલ-કરપાત્રત્વ = વસ્ત્રરહિતપણું અને હાથરૂપી પાત્રમાં ભોજન કરવાપણું.
૭. શક્તિશત = સેંકડો શક્તિઓ.
૮. અવશેષ = બાકીના (અર્થાત્ મુનિ સિવાયના).

[૧]સૂત્રસ્થ સમ્યગ્દષ્ટિયુત જે જીવ છોડે કર્મને,
[૨]'ઇચ્છામિ'યોગ્ય [૩]પદસ્થ તે પરલોકગત સુખને લહે. ૧૪.

પણ આત્મને ઇચ્છ્યા વિના ધર્મો અશેષ કરે ભલે,
તોપણ લહે નહિ સિદ્ધિને, ભવમાં ભમે—આગમ કહે. ૧૫.

આ કારણે તે આત્મની ત્રિવિધે તમે શ્રદ્ધા કરો,
તે આત્મને જાણો પ્રયત્ને, મુક્તિને જેથી વરો. ૧૬.

રે! હોય નહિ [૪]બાલાગ્રની અણીમાત્ર પરિગ્રહ સાધુને;
કરપાત્રમાં પરદત્ત ભોજન એક સ્થાન વિષે કરે. ૧૭.

જન્મ્યા પ્રમાણે રૂપ, [૫]તલતુષમાત્ર કરમાં નવ ગ્રહે,
થોડુંઘણું પણ જો ગ્રહે તો પ્રાપ્ત થાય નિગોદને. ૧૮.

રે! હોય બહુ વા અલ્પ પરિગ્રહ સાધુને જેના મતે,
તે નિંદ્ય છે; જિનવચનમાં મુનિ નિષ્પરિગ્રહ હોય છે. ૧૯.

ત્રણ ગુપ્તિ, પંચ મહાવ્રતે જે યુક્ત, સંયત તેહ છે;
નિર્ગ્રંથ મુક્તિમાર્ગ છે તે; તે ખરેખર વંદ્ય છે. ૨૦.

બીજું કહ્યું છે લિંગ ઉત્તમ શ્રાવકોનું શાસને;
તે [૬]વાક્સમિતિ વા મૌનયુક્ત સપાત્ર ભિક્ષાટન કરે. ૨૧.

છે લિંગ એક સ્ત્રીઓ તણું, [૭]એકાશની તે હોય છે;
આર્યાય એક ધરે [૮]વસન, વસ્ત્રાવૃતા ભોજન કરે. ૨૨.

---

૧. સૂત્રસ્થ = શાસ્ત્રોનો જાણનાર અને યથાશક્તિ તદનુસાર વર્તનાર.
૨. 'ઇચ્છામિ'યોગ્ય = ઇચ્છાકારને યોગ્ય.
૩. પદસ્થ = પ્રતિમાધારી. ૪. બાલાગ્ર = વાળની ટોચ.
૫. તલતુષમાત્ર = તલના ફોતરા જેટલું પણ.
૬. વાક્સમિતિ = વચનસમિતિ.
૭. એકાશની = એક વખત ભોજન કરનાર. ૮. વસન = વસ્ત્ર.

નહિ વસ્ત્રધર સિદ્ધિ લહે, તે હોય તીર્થંકર ભલે;
બસ નગ્ન મુક્તિમાર્ગ છે, બાકી બધા ઉન્માર્ગ છે. ૨૩.

સ્ત્રીને સ્તનોની પાસ, કક્ષે, યોનિમાં, નાભિ વિષે,
બહુ સૂક્ષ્મ જીવ કહેલ છે; ક્યમ હોય દીક્ષા તેમને? ૨૪.

જો હોય દર્શનશુદ્ધ તો તેનેય [1]માર્ગયુતા કહી;
છો ચરણ ઘોર ચરે છતાં સ્ત્રીને નથી દીક્ષા કહી. ૨૫.

મનશુદ્ધિ પૂરી ન નારીને, પરિણામ શિથિલ સ્વભાવથી,
વળી હોય માસિક ધર્મ, સ્ત્રીને ધ્યાન નહિ નિઃશંકથી. ૨૬.

[2]પટશુદ્ધિમાત્ર સમુદ્રજલવત્ ગ્રાહ્ય પણ અલ્પ જ ગ્રહે,
ઈચ્છા નિવર્તી જેમને, દુખ સૌ નિવર્ત્યાં તેમને. ૨૭.

---

૧. માર્ગયુતા = માર્ગથી સંયુક્ત.

૨. પટશુદ્ધિમાત્ર = વસ્ત્ર ધોવા પૂરતું થોડું જ.